# આકાશવાણી – ભુજ

**સમાચારવાચક : અશરફ નથવાણી**

**કોમ્પ્યુટરરાઈઝ્ડ : સુચિતા ટાંક**

**તારીખ: ૧૮.૦૩.૨૦૧૮** **સમય: સાંજે–૬.૨૫**

---

## આધાર કાર્ડ :

ભારતીય વિશિષ્ટ ઓળખાણ પત્ર સત્તામંડળ - યુ.આઈ.ડી.એ.આઈએ લોકોને કોઇ પણ સેવા મેળવવા માટે ઇન્ટરનેટ પર આધાર નંબર જેવી વ્યક્તિગત જાણકારી આપતા સમયે સાવધાન રહેવા જણાવ્યું છે. એક નિવેદન માં યુ.આઈ.ડી.એ.આઈએ આધાર ઓળખાણ પદ્ધતિ ને મજબૂત ગણાવી છે. જાહેરાતમાં કહેવાયું છે કે, કેટલાંક તોફાની તત્વો દ્વારા ઇન્ટરનેટ પર આધારકાર્ડ પોસ્ટ કરવાનું કહેવાય છે પરંતુ તેઓનો યુ.આઈ. ડી. એ.આઈ. સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી અને તેનાથી આધાર સુરક્ષા પર કોઇ અસર નહીં પડે. બાર આંકડાનો બાયોમેટ્રીક ઓળખાણ નંબર બહાર પાડનાર યુ.આઈ.ડી. એ. આઈએ ભારપૂર્વક જણાવ્યું છે કે, કોઈપણ અન્ય ઓળખાણ દસ્તાવેજની જેમ આધાર પણ ગોપનીય દસ્તાવેજ નથી. તેમનો તર્ક છે કે, કોઈપણના આધારકાર્ડની જાણકારી હોવાથી તેનાથી કોઇપણ પ્રકારનો ગેરફાયદો ઉઠાવી શકાતો નથી.

— અશરફ નથવાણી —

---

## દેશભરમાં નવા વર્ષના તહેવાર :

દેશમાં આજે ચૈત્ર શુકલાદી, યુગાદિ, ગુડી પડવા, ચેટીચંદ, નવરેહ અને સજીબુ ચીરાઉબા જેવા નવા વર્ષના તહેવાર ઉજવાઇ રહ્યાં છે. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકૈયા નાયડુ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ અવસરે લોકોને

શુભકામનાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું છે કે, દેશના વિભિન્ન ભાગોમાં, વિભન્ન રીતે ઉજવાતા આ તહેવારો વિવિધતા માં એકતા દર્શાવે છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે, આ તહેવારોથી વિભિન્ન ક્ષેત્રોના લોકોમાં ભાઈચારો વધુ મજબૂત બનશે. ઉપરાષ્ટ્રપતિ પોતાના સંદેશમાં કહ્યું છે કે, આ તહેવાર પારંપરિક નવા વર્ષના શુભારંભ તથા દેશની વિવિધ સંસ્કૃતિ અને સમૃદ્ધ વારસાના પ્રતિક છે. તેમણે લોકોને જીવનમાં સુખ અને સમૃદ્ધિ મળી રહે તેવી કામના કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અવસરે સામાજિક કુરિવાજોને સમાપ્ત કરવાની આહવાન કર્યું છે.

-- અશરફ નથવાણી --

---

## હાજીપીર-ત્રી દિવસીય મેળો :

કચ્છની કોમી એકતાના પ્રતીક એવા સોદ્રાણાના શહેનશાહ હાજીપીર બાબાનો ત્રણ દિવસીય મેળો રણકાંધીએ ચાલી રહ્યો છે.ગઈકાલે પશ્ચિમ કચ્છના પોલીસવડા શ્રી ભરાડા અને સીમા સુરક્ષા દળના કમાન્ડન્ટ રાહુલ વશિષ્ઠના હસ્તે ઉર્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.પ્રારંભ માં ચાદર ચઢાવવા માં આવી હતી. આ પ્રસંગે પોલીસ અને બીએસએફ દ્વારા આ સીમા પર સતત પેટ્રોલિંગ દ્વારા પોલીસ પ્રજાના સાચા મિત્ર બની રહે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો. મેળામાં મોટી સંખ્યામાં ભાવિકો રાજ્ય અને રાજ્ય બહારથી હાજીપીર બાબાની દરગાહે માથું ટેકવવા આવી પહોંચ્યા છે. મેળામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પીવાનાં પાણી માટે ટ્રેક્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે. નરાથી હાજીપીર સુધી પાણીની પાઇપલાઇન દ્વારા ટાંકામાં પાણી અપાઇ રહ્યું છે. ગોરેવાલી પીએચસી દ્વારા હાજીપીર પ્રાથમિક શાળામાં લાગેલા કેમ્પમાં લોકો મોટી સંખ્યામાં લાભ લઇ રહ્યા છે. એસ.ટી. વિભાગ દ્વારા ખાસ બસો ચાલુ કરી દેવામાં આવી છે. કપ એસ.ટી. બસો દ્વારા 'લોકોને સ્થળ સુધી પહોંચાડવા આયોજન કરવામાં આવ્યું છે. ખાનગી 'વાહનોમાં પણ લોકો મોટી સંખ્યામાં આવ-જા કરી રહ્યા છે.

-- અશરફ નથવાણી --

---

## કચ્છ યુનિવર્સીટી -કોર્ટ સભ્ય :

કચ્છ યુનિવર્સિટીની સેનેટ-કોર્ટના વર્તમાન સભ્યોની છેલ્લી સભા બની રહેનારી કોર્ટ સભા આગામી તા. ૨૦ મી માર્ચના સવારે ૧૧ વાગ્યે યુનિ.ના વહીવટી બિલ્ડિંગમાં આવેલા કોર્ટ હોલ ખાતે મળશે. વાર્ષિક સામાન્ય સભા જેવી મહત્ત્વની બેઠકમાં આ વખતે ૧૧૪ જેટલી મોટી સંખ્યામાં વિવિધ પ્રસ્તાવો પર ચર્ચા થશે.મોટી સંખ્યામાં પ્રશ્નોને લઇને 'આ સભા પર શિક્ષણપ્રેમીઓની મીટ મંડાઇ છે. સુત્રો પાસેથી મળેલી વિગતો પ્રમાણે હિસાબોને બહાલી જેવી બાબતો ઉપરાંત હંગામી કર્મચારીઓને કાયમી, તેમને ઇપીએફ, પુનઃ મૂલ્યાંકનમાં કથિત ગેરરીતિની તપાસ, ટેન્ડરિંગ કાર્યવાહીની તપાસ જેવા પ્રસ્તાવ ઊઠશે.

-- અશરફ નથવાણી --

---

## અબડાસા લખપત- પાણીની તંગી:

ઉનાળાના આરંભ પૂર્વે સરહદી અને દુર્ગમ લખપત-અબડાસા તાલુકાઓના અંતરિયાળ ગામોમાં પીવાના પાણીની છેલ્લા 10થી 12 દિવસથી અસહ્ય તકલીફ હોતાં લોકો મુશ્કેલી વેઠી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. 'અબડાસા તાલુકાનાં અકરી મોટી, બેર મોટી, વાયોર, ઉકીર, વાગોઠ, કુલાય, લૈયારી, હરિપર થુમડી, ઐડા, ગોયલા, સહિતનાં ગામડાઓને વાયોર ખાતે આવેલા પા.પુ.ના હેડવર્કમાંથી પાઈપલાઈન દ્વારા નર્મદા આધારિત યોજનાનું પાણી પહોંચાડાય છે. છેલ્લા ૧૦-૧૨ દિવસથી નેત્રા વિસ્તારમાં લાઈન તૂટી જવાના કારણે આ ગામડાઓને પાણી મળતું નથી. મુખ્યત્વે માલધારી વસ્તીવાળાં આ ગામોમાં ઉનાળાના આરંભથી જ પાણીની સમસ્યા જટિલ બનતાં લોકો કફોડી સ્થિતિમાં મુકાયા છે. આ ગામડાઓમાં ૧૦ થી ૧૨ હજારની માનવ વસ્તી ઉપરાંત વીસેક હજારનું પશુધન છે, જેથી પીવાના પાણીની તકલીફ માનવો સાથે મૂંગાં ઢોરો પણ ભોગવી રહ્યાં છે. તાત્કાલિક બંધ પડેલો પાણી પુરવઠો પૂર્વવત્ કરાય તેવી માગણી લોકો દ્વારા કરાઈ છે.

'બીજી તરફ, દેશના પશ્ચિમી છેવાડે આવેલા લખપત તાલુકાનાં સાનધ્રોવાંઢ, મિંઢિયારી, ચામરા, બેખડા, છેલાવાંઢ સહિતનાં ગામોમાં પાણીની સ્થિતિ ખૂબ જ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા એક માસથી પાણીની ભારે તંગી ઊભી થઈ છે. તળાવો તથા ડેમોનું પાણી પણ સુકાઈ જવાના કારણે આ વિસ્તારના લોકો તથા પશુધન ફક્ત પાણી પુરવઠા તરફથી આવતા પાણી ઉપર નિર્ભર છે. જેથી પીવાના પાણી માટે નક્કર વ્યવસ્થા ગોઠવવા માંગણી કરાઈ છે.

–– અશરફ નથવાણી ––

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>હવામાન :</u>

જીલ્લાના મોટાભાગના વિભાગોમાં મહ્તમ ની સાથે લઘુતમ તાપમાનમાં સામાન્ય ઉતારચડાવ વચ્ચે વાતાવરણમાં વિષમતાનો દોર જળવાયેલો રહ્યો હતો. દિવસભર આકરા તાપ બાદ સાંજ ઢળતા જ ઠંડા પવનની પાંખે ઠંડક નો અહેસાસ થવાનો ક્રમ વધુ એક દિવસ જારી રહેતાં મિશ્ર વાતાવરણ જારી  રહ્યું છે.

–– અશરફ નથવાણી ––

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––